# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-05-2024 Midday : 1.20 to 1.30
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

- **ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વારાણસી લોકસભા બેઠક પરથી ઉમેદવારી પત્ર ભર્યું.**
- શ્રી રામચરિત માનસની સચિત્ર પાંડુલિપીઓ અને પંચતંત્રની દંતકથાઓ સહિતની 20 ધરોહરને યુનેસ્કોની મેમરી ઓફ ધ વર્લ્ડ રીજનલ રજિસ્ટરમાં સ્થાન.
- બિહારના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રી અને અને ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ મોદીનું અવસાન ... આજે અંતિમ સંસ્કાર
- ચાબહાર બંદર માટે ભારત સાથે સમજૂતી કરનાર ઇરાનને અમેરિકાની પ્રતિબંધની ચેતવણી
- ભારતનું સ્થાનિક કોલસા ઉત્પાદન 26 ટકા વધીને 14 કરોડ 90 લાખ ટન થયું.
- IPL ક્રિકેટમાં, આજે સાંજે નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે લખનૌ જાયન્ટ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે થશે.

****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Nomination and Campaigning

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વારાણસી લોકસભા બેઠક પરથી તેમનું ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ પ્રસંગે તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તથા તેમના પ્રસ્તાવક પંડિત ગણેશ શાસ્ત્રી ઉપસ્થિત હતા. ઉલ્લેખનીય છે કે શ્રી શાસ્ત્રીએ અયોધ્યાના રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનું શૂભ મૂહુર્ત કાઢ્યું હતું.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, ચંદ્રબાબુ નાયડુ, એકનાથ શિંદે સહિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓ વારાણસીમાં ઉપસ્થિત હતા.

ઉમેદવારી પત્ર ભરતાં પહેલાં પ્રધાનમંત્રીએ દશાશ્વમેધ ઘાટ પર અને કાલ ભૈરવ મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. વારાણસીમાં 1 જૂને સાતમા અને અંતિમ તબક્કામાં મતદાન યોજાશે અને તેનાં માટે ઉમેદવારીપત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી 2014 અને 2019માં વારાણસી બેઠક પરથી જંગી બહુમતીથી ચૂંટાયા હતા. આજે કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે મહારાજગંજ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્ર ચૌધરીનાં ઉમેદવારી પત્ર ભરવાના પ્રસંગે ઉપસ્થિત રહેશે.

સાતમા અને અંતિમ તબક્કામાં 57 બેઠકો માટે મતદાન યોજાશે. જેમાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની આઠ, ઓડિશાની છ, હિમાચલ પ્રદેશની ચાર, ઝારખંડની ત્રણ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠકનો સમાવેશ થાય છે. આવતી કાલે ઉમેદવારી પત્રોની ચકાસણી થશે.

**દરમિયાન**, લોકસભાની ચૂંટણીનાં બાકીનાં ત્રણ તબક્કા માટે આજે વરિષ્ઠ રાજકીય નેતાઓ પોતાનાં પક્ષ માટે મતદારોનો ટેકો મેળવવા વિવિધ રાજ્યોમાં જાહેર સભાઓ સંબોધશે. **ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઝારખંડના કોડરમા ખાતે, કેન્દ્રીય મંત્રી અમિત શાહ પશ્ચિમ બંગાળમાં, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સપા પ્રમુખ અખિલેશ યાદવ ઝાંસી-લલિતપુર ખાતે સંયુક્ત રેલીને સંબોધશે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે ઉત્તરપ્રદેશના ગોરખપુર ખાતે, કોંગ્રેસનાં મહામંત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા અમેઠી ખાતે જાહેર સભાઓને સંબોધન કરશે. બાદમાં સપાના પ્રમુખ જાલૌનમાં જાહેરસભા સંબોધશે.**

**દરમિયાન, કેન્દ્રીય ચૂંટણી પંચની સુધારેલી યાદી પ્રમાણે ગઈકાલે** લોકસભાની ચૂંટણીનાં ચોથા તબક્કામાં 67.71 ટકા મતદાન થયું હતું. આંધ્રપ્રદેશમાં 78.25 ટકા, તેલંગાણામાં 61.23 ટકા, જમ્મુ કાશ્મીરમાં 37.98 ટકા, ઝારખંડમાં 65.31 ટકા, મધ્યપ્રદેશમાં 70.98 ટકા, મહારાષ્ટ્રમાં 59.64 ટકા. ઓડિશામાં 73.97ટકા, ઉત્તરપ્રદેશમાં 58.05 ટકા અને પશ્ચિમ બંગાળમાં 78.44 ટકા મતદાન નોંધાયું હતું.

. . . . . . . . . . . . . .

## Shri Ramcharit Manas

ભારતના પ્રસિધ્ધ અને પ્રાચીન હિન્દુ ધર્મગ્રંથ શ્રી રામચરિત માનસની સચિત્ર પાંડુલિપીઓ અને 15 સદીની પંચતંત્રની દંતકથાઓ સહિત એશિયા પ્રશાંતની 20 ધરોહરને યુનેસ્કોની મેમરી ઓફ ધ વર્લ્ડ રીજનલ રજિસ્ટરમાં સ્થાન મળ્યું છે. એશિયા અને પ્રશાંત માટેની વિશ્વ સ્મૃતિ સમિતિની 10મી બેઠકમાં આ નિર્ણય લેવામાં

આવ્યો હતો. મોંગોલિયાની રાજધાની ઉલાનબટોરમાં 7અને 8 મે દરમિયાન યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, "તુલસીદાસના રામચરિતમાનસની સચિત્ર પાંડુલિપીઓ, સહૃદયાલોક-લોકનની પાંડુલિપી: ભારતીય કાવ્યશાસ્ત્રનો એક મૌલિક પાઠ તેમજ પંચતંત્રની દંતકથાઓની ૧૫મી સદીની પાંડુલિપીને યુનેસ્કોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. યુનેસ્કોએ જણાવ્યું હતું કે, "૧૦મી સામાન્ય બેઠકનું આયોજન મંગોલિયાના સાંસ્કૃતિક મંત્રાલય, યુનેસ્કો માટેના મંગોલિયન નેશનલ કમિશન અને બેંગકોક સ્થિત યુનેસ્કોના પ્રાદેશિક કાર્યાલય દ્વારા કરવામાં આવ્યું હતું." તેમાં જણાવ્યા અનુસાર ચાલુ વર્ષે મેમરી ઓફ ધ વર્લ્ડ રિજનલ રજિસ્ટરે હ્યુમન રિસર્ચ, ઇનોવેશન અને કલ્પનાશક્તિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

આ ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરવામાં નવી દિલ્હી સ્થિત ઇન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટ્સ (IGNCA) એ મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સંમેલનમાં સભ્ય રાષ્ટ્રોના 38 પ્રતિનિધીઓ ઉપરાંત 40 નિરીક્ષકો હાજર રહ્યા હતા. IGNCAના કલા નિધી વિભાગના વડા અને વહીવટી વડા પ્રોફેસર રમેશચંદ્ર ગૌરે ભારત વતી સફળ રજૂઆત કરી હતી.

. . . . . . . . . . . . . . .

## Sushil Modi Death

બિહારના ભૂતપુર્વ નાયબ મુખ્યમંત્રી અને અને ભાજપના વરિષ્ઠ નેતા સુશીલ મોદીનું ગઇકાલે નવી દિલ્હીમાં અવસાન થયું છે. 72 વર્ષીય સુશીલ મોદીએ દિલ્હી સ્થિત AIIMSમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી ગળાના કેન્સરથી પીડિત હતા. તેમનાં પાર્થિવ શરીરને આજે દિલ્હીથી પટણા લાવવામાં આવશે. સંપૂર્ણ રાજકીય સન્માન સાથે તેમના અંતિમ સંસ્કાર કરાશે.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી તેમજ તમામ પક્ષોના વરિષ્ઠ નેતાઓએ સુશીલ મોદીનાં અવસાન બદલ શોક વ્યક્ત કર્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ એક સંદેશામાં જણાવ્યું હતું કે, શ્રી સુશીલકુમાર મોદીનું આકસ્મિક અવસાન કદી ન પૂરાય તેવી ખોટ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઊંડા દુખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પક્ષમાં મારા મૂલ્યવાન સહયોગી અને દાયકાઓથી મારા મિત્ર રહેલા સુશીલ મોદીજીનાં અવસાનથી અત્યંત વ્યથિત છું. ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે બિહારે હંમેશ માટે એક મહાન રાજકીય નેતાને ગુમાવ્યા છે. શ્રી સુશીલ મોદીનાં નિધનથી બિહારમાં સર્જાયેલો અવકાશ લાંબા સમય સુધી નહીં પૂરી શકાય. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, દુઃખની આ ઘડીમાં હું શોક સંતપ્ત પરીવારજનોને મારી સંવેદના વ્યક્ત કરું છું.

---

# INDIA _IRAN _US

ભારતે ઇરાનના ચાબહાર બંદરના 10 વર્ષ માટેના સંચાલનની સમજૂતી કરી છે. જોકે આ સમજૂતીથી નારાજ અમેરિકાએ ચેતવણી ઉચ્ચારી છે કે તહેરાન સાથે વેપારી સંબંધો પર વિચાર કરનાર કોઈની પણ સામે પ્રતિબંધોનું જોખમ રહેલું છે. જોકે અમેરિકાના વિદેશ મંત્રાલયના મુખ્ય ઉપપ્રવક્તા વેદાંત પટેલે એક નિવેદનમાં કહ્યું કે તેઓ ભારત સરકારને પોતાની વિદેશ નીતિના હેતુઓ વિશે બોલવા દેશે.

વધુમાં તેમણે કહ્યું કે ઇરાન પર અમેરિકના પ્રતિબંધો યથાવત રહેશે. તેમણે ઉમેર્યું કે કોઈ પણ એકમ, કોઈ પણ વ્યક્તિ, જે ઇરાન સાથે વેપારી સોદા

વિશે વિચાર કરે છે, તેને સંભવિત પ્રતિબંધના જોખમ વિશે જાણ હોવી જરૂરી છે. મહત્વપૂર્ણ છે કે ચાબહાર બંદરના સંચાલન માટે સોમવારે ભારતના ઇન્ડિયન પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડ (IGPL) અને ઇરાનના બંદરઅને સમુદ્રી સંગઠન (PMP) વચ્ચે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

. . . . . . . . . . . . . .

# INDIA- KENYA

ભારતે કેન્યામાં પૂરપીડિતોની મદદ કરવા 40 ટન દવાઓ, આરોગ્ય પુરવઠો અને અન્ય ઉપકરણો સહિતની માનવીય સહાય મોકલી છે. ભારતે તંબુ, ધાબળા, સ્વચ્છતા કિટ, બેબી ફૂડ, મેલેરિયા અને ડેન્ગ્યુની સારવાર માટેની દવાઓ સહિતની રાહત સામગ્રી મોકલી છે.

અગાઉ ભારતે 10 મેએ જહાજ દ્વારા કેન્યા સરકારને પ્રથમ તબક્કાની સહાય પહોંચાડી હતી. તેમાં પૂર પીડિતો માટે ખોરાક, રાહત અને દવાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કેન્યામાં ભારે વરસાદના કારણે આવેલા પૂરે તારાજી સર્જી છે. જેમાં 200થી વધુ લોકોના મૃત્યુ નીપજ્યા છે અને હજારો ઘરવિહોણા થયા છે.

. . . . . . . . . . . . . .

# COAL PRODUCTION

ભારતનું સ્થાનિક કોલસા ઉત્પાદન આ વર્ષે 26 ટકા વધીને 14 કરોડ 90 લાખ ટન થયું હતું.

કોલસા મંત્રી પ્રહલાદ જોષીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, એપ્રિલ મહિનામાં કોલસાનું ઉત્પાદન 7.31 ટકા થયું છે. તેમણે જણાવ્યું હતું કે, વીજ ક્ષેત્રને પૂરા પાડવામાં આવેલા પુરવઠામાં અગાઉનાં વર્ષની સરખામણીમાં 5.43 ટકા વધારો થયો હતો.

શ્રી જોષીએ જણાવ્યું હતું કે, ઉનાળામાં વીજળીની માંગને પહોંચી વળવા માટે દેશ સજ્જ છે. જૂન મહિનામાં વીજ માંગ દિવસ દરમિયાન વધીને 240 ગિગાવોટ અને સાંજનાં સમયે 235 ગિગાવોટ થવાનો અંદાજ છે.

. . . . . . . . . . . . . . .

## NTA Exam

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) દ્વારા આવતીકાલ થી 18મે દરમિયાન દેશનાં વિવિધ સ્થળોએ કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ- CUET (UG)-2024 લેવામાં આવશે. કુલ 379 શહેરોમાં પરિક્ષા યોજાશે, જેમાં વિદેશનાં 26 શહેરોનો સમાવેશ થાય છે. એનટીએના જણાવ્યા પ્રમાણે પરીક્ષા આપનારા ઉમેદવારોનાં એડમિટ કાર્ડ વેબસાઇટ cuet-ugl@nta.ac.in પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

વહીવટી કારણસર પરિક્ષા કેન્દ્રમાં ફેરફાર થાય તો એડમિટ કાર્ડમાં જોઈ શકાય. તે હેતુથી વિદ્યાર્થીઓને આજે સાંજે એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવાની સલાહ આપવામાં આવી છે.

# KERALA-AMBULANCE FIRE

કેરળમાં દર્દીને હોસ્પિટલમાં લઈ જઇ રહેલી એક એમ્બ્યુલન્સમાં આગ લાગતા મહિલા દર્દીનું મૃત્યુ થયું હતું. આજે સવારે કોઝિકોડની એક હોસ્પિટલમાંથી દર્દીને બીજી હોસ્પિટલમાં લઈ જતાં સમયે આ ઘટના સર્જાઇ હતી.

એમ્બ્યુલન્સે નિયંત્રણ ગુમાવતા તે ઇલેક્ટ્રિક થાંભલા સાથે અથડાતાં આગ લાગી હતી. આ દુર્ઘટનામાં દર્દીની સાથે રહેલા ડૉક્ટર સહિત અન્ય છ લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . . . . . .

# IPL

IPL ક્રિકેટમાં, આજે સાંજે નવી દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે લખનૌ જાયન્ટ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે થશે.

દરમિયાન ગઇકાલે અમદાવાદમાં યોજાયેલી ગુજરાત ટાઇટન્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વચ્ચેની મેચ વરસાદના કારણે રદ કરવામાં આવી હતી. જેના કારણે ગુજરાત ટાઈટન્સ પ્લે ઓફની રેસમાંથી બહાર થયું ગયું છે. હવે તે 16મી મેએ હૈદરાબાદ સામે સિઝનની અંતિમ મેચ રમશે. જયારે કોલકાતા નાઇટ રાઇડર્સ ક્વોલિફાઈ થયું છે.

---

# Italian Open Tennis

ઇટાલીનાં રોમમાં રમાઈ રહેલી ઇટાલિયન ઓપન ટેનિસમાં ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયન ખેલાડી મેથ્યુ એબ્ડેન મેન્સ ડબલ્સ પ્રી-ક્વાર્ટર્સમાં ઇટાલિયન જોડી સિમોન બોલેલ્લી અને એન્ડ્રીયા વાવાસોરીનો સામનો કરશે.

ભારત અને ઓસ્ટ્રેલિયાની આ દ્વિતિય ક્રમાંકિત જોડીએ ગઇ કાલે 32મા રાઉન્ડમાં યજમાન દેશનાં ફ્રાન્સેસ્કો પાસારો અને મેટીઓ અર્નાલ્ડીને 6-2, 6-2થી બે સીધા સેટમાં પરાજય આપ્યો હતો..

. . . . . . . . . . . . . . .